# સરકાર નૈતિક ધોરણે સંપૂર્ણપણે અળગી થઈ ગઈ

- અરૂણ જેટલી

(વિપક્ષી નેતા, રાજ્ય સભા)

કેન્દ્ર સરકારે ગુજરાતમાં બે મહિના પહેલા બનેલા કથિત જાસૂસીકાંડની તપાસ માટે એક પંચની રચના કરવાનું નક્કી કર્યું છે. ગુજરાત સરકારે પહેલેથી જ તે સંદર્ભમાં તપાસ પંચની રચના કરી હતી, તેના દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે . કેન્દ્ર સરકારનો હેતુ રાજકીય હતો. તેઓ ગુજરાત સરકાર અને ભાજપના વડા પ્રધાનપદના ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદીને મૂંઝવવા માંગતા હતા. કેન્દ્રીય સરકાર દ્વારા આ પ્રકરણમાં સત્તાનો સંપૂર્ણ દુરુપયોગ થયો હોવા ઉપરાંત, કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પંચ ઘમંડનું પ્રતિક ગણાય છે. છેલ્લા દસ વર્ષમાં આવો ઘમંડ યુપીએ સરકારનો હોલમાર્ક બન્યો છે. આવો ઘમંડ રાજકીય પતન માટેની ચોક્કસ ગેરેન્ટી છે. આવા ઘમંડી વલણને કારણે જ સરકાર સમાજના વિવિધ વર્ગોથી અળગી થઈ ગઈ છે.

અગાઉના પંચનું શું થયું ? સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિઓને આ કેસની તપાસ માટે એક પછી એક સંપર્ક કરવામાં આવ્યો હતો. તેઓએ આ રાજકીય હેતુ પ્રેરિત પ્રક્રિયામાં પોતાને સંડોવવાનો ઈનકાર કર્યો હતો. એ પછી, હાઈ કોર્ટના કેટલાક નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિઓનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો. દેખીતી રીતે તેઓ પણ સ્પષ્ટપણે આવી તપાસ માટે ઉપલબ્ધ ન હતા. સરકારે નૈતિક ધોરણે અળગી થઈ ગયાનું વાસ્તવિક રીતે જણાતું હતું, કારણ કે તે તપાસપંચમાં રહીને સહકાર આપવા કોઈ તૈયાર જ થયા નહિ .

એ જ રીતે, લોકપાલના અધ્યક્ષ અને સભ્યો પસંદ કરવા માટે સમિતિ રચવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. વડાપ્રધાન અને પસંદગી સમિતિએ તેમના અભિપ્રાય વ્યક્ત કર્યા, પણ ન્યાયમૂર્તિ વેંકટચેલૈયા, ફલી એસ. નરીમાન , સોલી સોરાબજી કે.પરાશરન, કે.કે. વેણુગોપાલ અને હરીશ સાલ્વે જેવા કાયદાશાસ્ત્રીઓએ સમિતિના સભ્યો બનવાનો ઈનકાર કરી દીધો. શોધ સમિતિએ સરકારને જેમના નામોનું સૂચન કર્યું તેઓમાંથી એક અથવા વધુ સરકારી વકીલોના નામો હતા. શ્રીમતી સુષ્મા સ્વરાજે તેને માન્ય રાખવાનો ઈનકાર કર્યો હતો.

મેં 20 મી અને 30મી જાન્યુઆરી, 2014ના રોજ વડા પ્રધાનને પાઠવેલા પત્રમાં લોકપાલ અને લોકાયુક્તની નિમણૂક નિયમોને નેવે મુકીને કરાઈ રહ્યાનો અણસાર આપ્યો હતો. તેઓએ પસંદગી સમિતિ અને શોધ સમિતિની રચના કરી હતી . આ શોધ સમિતિ ખાસ કરીને એક માત્ર કારકુની કસરત કરવા માટે રચવામાં આવી હતી . મારો વાંધો પ્રતિભાવો બાબતે વિચાર્યા વગર નિર્ણય લેવા સામે હતો. પસંદગી સમિતિની કોઈ બેઠકમાં પસંદગીનું માપદંડ નક્કી કરાયું ન હતું . પ્રતિષ્ઠિત વ્યક્તિઓને લોકપાલના સભ્યો અને અધ્યક્ષ બનવા આમંત્રણ આપવા જોઈએ એવું નક્કી થયું હતું. જેથી તેઓ ગૌરવ સાથે સમાધાન અને લોબિંગ કરી શકે.

શ્રી ફલી એસ નરીમાન અને ન્યાયમૂર્તિ કે.ટી.થોમસે હવે સમાન કારણો દર્શાવીને શોધ સમિતિ પર સેવા આપવા ઈનકાર કર્યો છે. તેઓ માને છે કે હાથ ધરવામાં આવેલી પ્રક્રિયા તે કાર્ય માટે શ્રેષ્ઠ વ્યક્તિ પસંદ કરવાનો દૃઢ નિર્ધાર ધરાવતી નથી. લોકપાલની રચના માટે તે સંસ્થાને નુકસાન કરવામાં આવી રહ્યું છે તે હવે સ્પષ્ટ છે. પ્રતિષ્ઠિત અને સ્વતંત્ર વ્યક્તિઓને સરકારના ઈરાદા બાબતે શંકા ઉપજી અને પસંદગી કવાયતનો ભાગ બનવાનો ઇનકાર કરી દીધો છે ત્યારે સરકાર નૈતિક ધોરણે સંપૂર્ણપણે અળગી થઈ ગયાનું જણાય છે.